અપીલ અરજી નં.૧૪/૦૮–૦૯ તા.૨૧–૪–૦૮

અરજદારઃ શ્રી અનીલકુમાર રવિશંકર ત્રિવેદી
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

# હુકમ:–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનીલકુમાર રવિશંકર ત્રિવેદીની તા.૭–૩–૦૮ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૧૨ ફા.પ્લોટ નં.૭૩ આનંદકુંજ સોસા.ના પ્લાનો રદ કરવાની અધૂરી રહેલી કાર્યવાહી પૂરી કરવા અંગે કમિશ્નરશ્રીનો નિર્ણય લેખિતમાં મળવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૧–૪–'૦૮ ની અપીલ અરજી ૧૪/૨૦૦૮–૦૯

શ્રી અનીલકુમાર રવિશંકર ત્રિવેદીની તા.૭–૩–૦૮ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૧૨ ફા.પ્લોટ નં.૭૩ આનંદકુંજ સોસા.ના પ્લાનો રદ કરવાની અધૂરી રહેલી કાર્યવાહી પૂરી કરવા અંગે કમિશ્નરશ્રીનો નિર્ણય લેખિતમાં મળવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ધ્વારા પત્ર આ.નં.૪૪ તા.૫–૪–૦૮ થી "અગાઉ રાંદેર ઝોનના પત્ર આ.નં.૧૨૯૩ તા.૨૫–૧૦–૦૫ થી મા.કમિશ્નરશ્રીએ જવાબ આપેલ છે જે પત્રની નકલ સામેલ કરેલ. વધુમાં સામસામા પક્ષકારોના આર્કીટેકટ /એન્જીનીયરોએ અલગ અલગ રીપોર્ટ રજૂ કરેલા છે જેના અનુંસંધાને ઓફિસ રીપોર્ટ થયેલ જેની નકલ રૂા.૧૦/– ભર્યેથી મળી શકશે." તેવી આપેલ માહિતીથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૪–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલો તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩ તા.૨૩–૪–૦૮ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુંસંધાને અત્રેના વિભાગને આજ દિન સુધી ઉપલબ્ધ થયેલ નથી.

"અરજદાર તરફથી તા.૭–૩–૦૮ ની અરજી અન્વયે કમિશ્નરશ્રી પંકજ જોષી સાહેબનો પત્ર ક્રમાંક આ.નં. ૧૨૯૩ તા.૫–૧૦–૦૫ પશ્ચિમઝોન હેઠળ અરજદારને પત્ર પાઠવવામાં આવેલ હતો તે સંદર્ભે ફેર વિચારણા કરવા માંગણી કરી હતી. જેના અનુસંધાને થયેલ કાર્યવાહી આર્કીટેક ધ્વારા આપેલ અહેવાલ તથા સમાધાનની પ્રક્રિયા અમલ ન બનતાં એસ.જી. ત્રિવેદીએ વિસ્તૃત અહેવાલ આપેલ. આ સંદર્ભમાં વિષયમાં નિર્દિષ્ટ બાબતે કમિશ્નર ધ્વારા લેખિતમાં જાણ કરવામાં આવે તેવી માંગણી અરજદારે કરેલ છે. આમ અરજદારની મુળ અરજી અને અપીલ અરજીનું વિષયવસ્તુ વિષય હેઠળની બાબતે નિર્ણય મેળવવાનું સ્પષ્ટ થાય છે. જે સંદર્ભે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી આ.નં.૪૪ તા.૫–૪–૦૮ ના રાંદેરઝોન તરફથી પાઠવેલ પત્રમાં તા.૨૫–૧૦–૦૫ ની કમિશ્નરશ્રીની જવાબની નકલ પૂરી પાડેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની અપીલ અરજી સંદર્ભે કોઈ માહિતી પૂરી ન પાડી હોય તેવી રજુઆત કરેલ નથી. તેમજ અધૂરી કે ખોટી માહિતી આપેલ હોય તેવી રજુઆત રહેલ નથી. આ ઉપરાંત અરજદારની મુળ અરજી તા.૭–૩–૦૮ અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી પૂરી પાડેલ છે. વધુમાં અરજદારના આર્કીટેક તેમજ શહેરવિકાસના આર્કીટેક સામસામા પક્ષકારોના સંયુકત રીપોર્ટ રજુ કરી અલગ અલગ રીપોર્ટ રજુ કરેલા જેના અનુસંધાને થયેલ ઓફિસ રીપોર્ટની નકલ મેળવી લેવા રૂા.૧૦/– દસ્તાવેજ નકલ ફી ભરી મેળવી લેવા અરજદારને જાહેર માહિતી અધિકારીએ સૂચિત કરેલ છે. અરજદાર ઈચ્છુક હોય તો તે મેળવવા સ્વતંત્ર છે. જેથી અપીલ માટે તકરારનું કોઈ કારણ રહેતું ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન ..... જાણ માટે
(૨) શ્રી અનીલકુમાર રવિશંકર ત્રિવેદી,